અવંતિકા ગુણવંત



**આજે પણ મંજુબહેન હૃદયની વ્યથા ઠાલવતા હતાં. જસવંતભાઈ કોઈ પણ જાતનો પ્રતિભાવ આપ્યા વિના સાંભળતા હતા, અને મંજુબેન બોલે જતાં હતાં...**

# નવી પેઢીને તમારા પ્રેમનો અહેસાસ કરાવો...

મંજુબહેન ઉદાસ સૂરે એમના પતિ જસવંતભાઈને કહે છે, "મને તો જાણે જિંદગીનો થાક ચડી ગયો છે. અંદરથી હું તૂટતી જાઉં છું, લાગે છે કે મારાથી હવે વધારે નહિ ખેંચાય." મંજુબહેને દીકરા નિશીથને પરણાવ્યો અને જ્યારથી પુત્રવધૂ સુજાતા ઘરમાં આવી છે, ત્યારથી મંજુબહેન અવારનવાર આ જ ફરિયાદ પતિ સમક્ષ કરી રહ્યા છે. અને એકવાર એ સુજાતાની ફરિયાદ કરવા બેસે એટલે ઝટ અટકે નહિ. એમનો ખળભળાટ ઝટ શમતો જ નહિ. આજે પણ મંજુબહેન હૃદયની વ્યથા ઠાલવતા હતાં. જસવંતભાઈ કોઈ પણ જાતનો પ્રતિભાવ આપ્યા વિના સાંભળતા હતા, અને મંજુબેન બોલે જતાં હતાં, "હું સુજાતાને એવું નથી કહેતી કે તું વહેલી ઊઠ ને રસોડામાં પેસ. અમારી વખતે તો સાસુ રસોડામાં ભૂલેચૂકે ય પેસે નહિ. વહુ સાજીમાંદી હોય તો ય એનું કામ એણે કરવું જ પડે. સાસુજીને તો બધું તૈયાર જોઈએ. જો કોઈ ભૂલચૂક દેખાય તો એમનું બોલવાનું શરૂ થઈ જાય. એ બોલે જ જાય, બોલે જ જાય, બંધ જ ન થાય અને અમારે ચૂપચાપ એમનું સાંભળવું પડતું. જ્યારે આ સુજાતા પાસે હું કોઈ કામની અપેક્ષા નથી રાખતી એની પર હુકમ નથી છોડતી, એની પર કોઈ જવાબદારી નથી લાદતી, માત્ર એક જ વિનંતી કરું છું કે ભાઈ, તું હસતી રહે. તારા ભારેખમ ચહેરાનો મને ભાર લાગે છે, હું તનાવમાં આવી જાઉં છું, ખરેખર મને ગભરામણ થાય છે. એક પળ માટે મને થાય છે કે જાણે એ મારી સાસુ છે અને હું એનાથી દબાતી, ડરતી વહુ છું. તોય હિંમત કરીને હું હસીને એની સાથે બોલવા જાઉં છું. તોય એ નથી હસતી કે નથી બોલતી. અરે, કંઈ પૂછું તો ઉત્તર આપવાનો ય વિવેક કરતી નથી. બહુ થાય તો ડોકું ધૂણાવે. મને થાય છે કે હું તો મારું કામ કરું કે એના ડોકાને જોઈને બેસી રહું? કોઈ વાર એના મનમાં આવે અને એ રસોડામાં મને રોટલી વણાવવા આવે તો ય મૂંગીમૂંગી રોટલી વણ્યા કરે.

હું તો કહું છું તું મદદ નહિ કરાવે તો ચાલશે પણ વાતો કર, હસીને અમારી સાથે ભળ પણ એનાં વાણીવર્તનમાં મારાપણું અનુભવાતું જ નથી-મને-તો એટલું દુઃખ થાય છે કે એકના એક દીકરાની વહુ આવી? એને આપણા ઘેર અહીં શું દુઃખ છે? જો આપણે ગમતાં જ ન હતાં તો એ પરણી શું કરવા? આ ઘરમાં આવી જ શું કરવા? મંજુબહેનના અવાજમાં ઉશ્કેરાટ હતો.

જસવંતભાઈ બોલ્યા, "તું નાની વાતને ચૂંથીચૂંથીને દુઃખી શું કરવા થાય છે? તું સાઈઠ વરસની થઈ તો ય સમજતી નથી કે ઘરસંસારમાં નાની નાની વાતને પકડીને બેસી રહેવાય નહિ. એ નથી હસતી તો નથી હસતી. એ હસે બોલે એવી જીદ શું કામ તું કરે છે? ઘણી છોકરીઓ આવી અતડી હોય છે, પોતાને સમથીંગ સમજે ને વયોવૃદ્ધ સાસુ સસરાને પોતાનાથી ઊતરતા સમજીને એમની સાથે હસતી બોલતી નથી. પરંપરાગત વહુની જેમ સાસુ સસરાને સ્નેહ-આદરમાન એ આપતી નથી, મંજુ આપણા ઘરમાં જ આવી વહુ છે એવું નહિ, ઘણાના ઘરમાં આવી વહુ હોય છે."

મંજુબેન બોલ્યાં, "તમે કહો છો એ વાત સાચી પણ મારા મનમાંથી આ વાત ખસતી નથી. આપણા ઘેર કોઈ આવે તો ય એવું જ કહે ને કે આમના ઘરમાં દુઃખ હશે તેથી જ એમની વહુના ચહેરા પર હાસ્ય નથી. ઘરનાંની જોડે હસતી બોલતી નથી. એને અહીં ગોઠતું નથી. અને પછી તેઓ જાત જાતનાં અનુમાનો કરે અને વાતો કરે. લોકોની વહુઓ તો હસી હસીને કેવી વાતો કરે કે બધું વાતાવરણ પ્રફુલ્લિત થઈ ઊઠે. ઘર આખું ખીલી ઊઠે. અજાણ્યાને ય લાગે કે પરિવાર સુખી

અને પ્રસન્ન છે. અને આપણું ઘર જોઈને લોકો વાતો જ કરે ને!''

''મંજુ અજાણ્યાને શું લાગે કે ના લાગે એવી ચિંતા કરવાની કોઈ જરૂર ખરી? અજાણ્યાના અભિપ્રાય પર તું આટલો બધો મદાર શું કામ બાંધે છે? જેને જે માનવું હોય એ માને-કોઈના અભિપ્રાય પર ધ્યાન જ શું કામ આપવાનું? અને તારી વહુને બીજાની વહુઓ સાથે સરખાવવાની જરૂર ખરી? સરખામણી કરીને તું દુઃખી થાય છે, કારણ કે આપણા સમાજમાં અને સગાંવહાલામાં જે વહુઓ આદર્શ ગણાય છે, શ્રેષ્ઠ ગણાય છે એમની સાથે તું તારી વહુની સરખામણી કરે છે પણ એવી આદર્શ વહુઓ કેટલી? પહેલાંના વખતમાં કુટુંબભાવનાના જે ખ્યાલો હતા એ આ જમાનામાં નથી રહ્યા. તારી વ્યાખ્યા મુજબની વહુ હવે ના મળે.

આ જમાનામાં કુટુંબ અને કુટુંબભાવના પહેલાના જેવા નથી રહ્યાં. સગાઈ અને સંબંધોના ખ્યાલો પણ બદલાવા માંડ્યા છે. હવે બાંધછોડ કરવામાં કે ઘરના બીજા સભ્યોને અનુકૂળ થવામાં કોઈ માનતું નથી. હવે તો 'આઈ, મી અને માયસેલ્ફ'માં માનનારી પેઢી આવી છે, જે સ્વકેન્દ્રી છે, આવી પેઢી પાસેથી આપણે કોઈ અપેક્ષા રાખવાની ના હોય. વળી ઘરના બધા સભ્યોના સ્વભાવ એકસરખા જ હોવા જોઈએ એવું નથી. માણસે માણસે જુદા સ્વભાવ હોય છે. દરેકને એના પોતાના સ્વભાવ પ્રમાણે જીવવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

તારી વહુ હસતી બોલતી નથી એનો તને અફસોસ છે, ઘણાને વહુ બહુ બોલ બોલ કરે એની અકળામણ હોય છે, ના બોલવાનું હોય ત્યાં ય બોલે. વડીલોની વાતમાં વચ્ચે ના બોલાય એટલો વિવેકે એમને નથી હોતો. વડીલો અકળાય છે, પણ શું કરે? પેલી સૌદામીની જ જોને, આડોશી પાડોશી અને સગાંવહાલાંના ત્યાં વગર બોલાવી પહોંચી જાય છે ને ઘરની ના કહેવાની વાતો ય કહી આવે છે એના મોંએ એની સાસુ અને નણંદની નિંદા જ હોય છે.

કોઈ વાર જઈને એ કહે કે મારી નણંદને હજી રસોઈ કરતાં ય નથી આવડતી. સવારે ઊઠે ને તરત ટીવી ઓન કરીને બેસી જાય છે. ઘરનાં કોઈ કામમાં મદદ નથી કરતી અને મારી સાસુ એક શબ્દ ય કહે નહિ. એ તો હું સારી છું તો બધું ચલાવી લઉં છું. બધું કામ મારા માથે જ છે. પોતે બહુ કામ કરે છે એવું બતાવવા સૌદામીની સાસુ અને નણંદને વગોવે છે એ યોગ્ય છે? અને પેલી અલ્પા જો સવાર પડે છે ને એની ઘાંટાઘાંટ શરૂ થઈ જાય છે, તુષાર કંઈ કહેવા જાય તો વધારે મોટેથી ચીસો પાડી પાડીને બોલે છે અને શરમનો માર્યો તુષાર ચૂપ થઈ જાય છે. સાસુ સસરા કોઈની ય એ મર્યાદા ક્યાં રાખે છે? ઘરમાં આવી વહુ ચાલે? અને પેલી તોષા નવા જમાનાની સ્ટાઈલીશ છોકરી છે, એ વાતો તો બહુ ડાહી ડાહી કરે છે જાણે પોતે કેવીય પ્રેમાળ અને મળતાવડી છે પણ એના ઘેર મહેમાન જાય તો તરત માથું બાંધીને સૂઈ જાય છે, અને ઊંહાકારા કરવા માંડે છે અને બબડે છે, મારું અંગેઅંગ દુઃખે છે. બિચારા મહેમાન થોડીવાર વાત કરીને જતા રહે. તોષા એમને એક ગ્લાસ પાણી ય ન ધરે. પણ જો એના પિયરિયાં એના ઘરે જાય તો દોડીને સ્વાગત કરે, આગ્રહ કરીને નાસ્તાપાણી કરાવે. અરે પિયરિયાં જમીને જવાનાં હોય તો વિવિધ વાનગીઓ બનાવે. ત્યારે એને થાક ન લાગે કે કંટાળો ન આવે.

મંજુ ચારે બાજુ જો, દરેકની વહુમાં કોઈને કોઈ ખામી હોય છે, આવી ખામીઓ ચલાવી લો તો જ ઘરમાં શાંતિ રહે અને ટોકીને જો સુધારવા પ્રયત્ન કરો તો ઘરમાં ભડકો થાય, માટે ઘરની આબરુ સાચવવા ય વહુની ખામી વડીલોએ ઢાંકવી પડે છે. આપણે મધ્યમવર્ગના માણસોએ સમતા અને સહનશીલતા દાખવવી જ પડે છે. વહુને શિખામણ આપવા જાઓ તો એ વાત વધારીને દીકરાને એટલે કે એના વરને કહે, વાત વધી જાય અને દીકરો ય અકળાય. કોઈ વાર એને મા-બાપનો વાંક દેખાય, કોઈ વાર વહુનો વાંક દેખાય. એની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થાય છે,કોને શું કહેવું એની એને ખબર નથી પડતી. મા કે પત્ની બેમાંથી એકે ને એ નારાજ કરવા નથી માંગતો. અરે, પત્નીનો વાંક દેખાય તો ય પત્નીને એ સ્પષ્ટપણે કહેતાં ડરે છે, આજકાલની છોકરીઓ શિંગડાં મારે છે અને વાતનું વતેસર કરી નાખે છે. ઘરમાં ભારેલો અગ્નિ બધાને દઝાડે છે આવી યુવતીઓને કોઈનો ડર નથી હોતો, અરે પતિનો પ્રેમ ગુમાવવાનો ય ડર નથી હોતો, પતિ કે પતિના મા-બાપની કોઈ ખામીને જતી કરવામાં એ માનતી જ નથી. એ માત્ર હક જાણે છે ફરજ નહિ. ફરજ બજાવવામાં એને ગુલામી લાગે છે. કોઈ વાતે નમતુ જોખવામાં એ લાચારી સમજે છે, આ છે આજકાલની યુવતીની જનરલ સાયકોલૉજી. આજે તો શાણો દીકરો ખાનગીમાં એની માને કહે છે, ''મમ્મી પ્લીઝ સાચવી લેજે ને.'' અને સ્નેહાળ માતા ગમ ખાય છે. પુત્રવધૂના એ કાયમ વખાણ કરે છે, કાયમ એનું સાંભળવા અને સહકાર આપવા તત્પર રહે છે. મંજુ આ છે કુટુંબને એક અખંડિત રાખવાની કલા. હવે આપણે વડીલોએ બોલતા ચાલતા સાવચેતી રાખવી પડે છે. આપણી પેઢી સુધી આપણને વડીલો તરફથી કુટુંબમાં હળીમળીને પ્રેમથી રહેવાનું શિક્ષણ મળતું હતું, તેથી કુટુંબ એક સૂત્રે બંધાયેલું રહેતું હતું. દરેક સભ્ય સમગ્ર કુટુંબ સાથે એકત્વનો અનુભવ કરતો અને સમગ્ર કુટુંબ પણ પોતાના સભ્યને કોઈ પણ જાતની મુશ્કેલીમાં જુએ તો એ મુશ્કેલીને પોતાની મુશ્કેલી ગણી એની પડખે ઊભું રહેતું. કુટુંબનો કોઈ પણ સભ્ય એકલો ન પડી જતો. કુટુંબની ઉષ્મા અને હૂંફમાં એ ગમે તેવું દુઃખ-દર્દ સહી શકતો. પરંતુ આજની પેઢીના યુવક યુવતીનો 'હું' એટલો મોટો છે કે એમાં બીજા કોઈનો સમાવેશ થવો કઠિન છે. એમનામાં સહકારની ભાવના ખાસ રહી નથી. સંયમ, સમતા, ઉદારતા, સ્નેહનું મૂલ્ય તેઓ સમજતા નથી. વડીલોના અનુભવને તેઓ મહત્ત્વ આપતા નથી. વડીલોનું કહ્યું સાંભળવું કે એમની ઈચ્છાનું પાલન કરવું એમને ગમતું નથી. તેઓ કહે છે, ભલે અમે જે કરીએ એ ખોટું કરીએ. પણ તમે અમને બાંધવા પ્રયત્ન ન કરો. ખોટું કરવાની અમને સ્વતંત્રતા આપો. અરે તેઓ સ્વતંત્રતા માગતાય નથી. તેઓ પોતાની જાતને સ્વતંત્ર સમજે જ છે. કોઈ પરંપરાને તેઓ માનતાં નથી. મંજુ અત્યારે સમાજમાં અને લોકોનાં માનસમાં, ખાસ તો નવી પેઢીના માનસમાં જબરજસ્ત પરિવર્તન આવી રહ્યું છે. આ ઝંઝાવાતમાં ઘણું બધું ઉખડી જશે. આપણે વડીલોએ જ દઢતાથી સંયમ રાખીને નવી પેઢીને આપણા પ્રેમનો અહેસાસ કરાવવાનો છે. પ્રેમ જ એવું રસાયણ છે જે એમના અતડાપણાને અને સ્વાર્થી ગણત્રીઓને દૂર કરીને એમના હૃદયની સુંદરતા અને મધુરતાને બહાર વહેવા દે છે અને ઘર કુટુંબને મધુર સંગીતથી ગુંજતું કરે છે. આ

**( આ જમાનામાં કુટુંબ અને કુટુંબભાવના પહેલાના જેવા નથી રહ્યાં. સગાઈ અને સંબંધોના ખ્યાલો પણ બદલાવા માંડ્યા છે. હવે બાંધછોડ કરવામાં કે ઘરના બીજા સભ્યોને અનુકૂળ થવામાં કોઈ માનતું નથી. હવે તો 'આઈ, મી અને માયસેલ્ફ'માં માનનારી પેઢી આવી છે, જે સ્વકેન્દ્રી છે. )**